Vol. 5, Sp. Issue: 1, January: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

# મહર્ષિ વાલ્મિકી રામાયણના અયોધ્યાકાંડનું મૂલ્યાંકન

હેતલ સોની

**૧.પ્રસ્તાવના**

મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણ એ સંસ્કૃત સાહિત્યનુ ઉત્તમ મહાકાવ્ય છે.જેમા ૨૪૦૦૦ શ્લોકો છે.જેમાં સાત કાંડમાં વિભાજન જોવા મળે છે. બાલકાંડ,અયોધ્યાકાંડ,અરણ્યકાંડ, ક્રીશ્કીન્ધાકાંડ,સુંદરકાંડ યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ અહી આપણે અયોધ્યાકાંડનું મહાકાવ્યના લક્ષણો ના આધારે મૂલ્યાંકન કરીશું.

**૨. અયોધ્યાકાંડનું કથાનક**

અયોધ્યાકાંડમાં રામના ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે.દશરથરાજાની રામનો રાજ્યાભિષેક કરવાની ઈચ્છા વ્યક્ત કરવી, દશરથરાજા દ્વારા રામના રાજ્યાભિષેક માટે સભાસદોની સંમતિ મેળવવી,રામના રાજ્યાભિષેક માટેની તૈયારીનો પ્રારંભ,દશરથ રાજાનો રામચન્દ્ર સમક્ષ તેમનો રાજ્યાભિષેક કરવાની ઇચ્છા વ્યક્ત કરવી,વશિષ્ઠમુનિ દ્વારા રામને ઉપવાસનો સંકલ્પ કરાવવા રામના ભવન તરફ જવું,રામ દ્વારા ઉપવાસ વ્રતનો પ્રારંભ અને પ્રજાજનોને હર્ષ,રામ રાજ્યાભિષેકના સમાચાર કૈકૈયીને મંથરા દ્વારા આપવા,મંથરા નામની દાસી દ્વારા કૈકૈયીને કરાવેલ દુર્બોધ, કૈકૈયીનો ક્રોધાગારમાં પ્રવેશ,મહારાજા દશરથ દ્વારા કૈકૈયીને પ્રસન્ન કરવા માટેના પ્રયત્નો,દશરથ દ્વારા કૈકૈયી સમક્ષ પ્રતિજ્ઞા અને કૈકૈયી દ્વારા બે વચનની માંગણી જેમાં ભરતનો રાજ્યાભિષેક અને રામચન્દ્રને ચૌદ વર્ષનો વનવાસ પ્રાપ્ત થાય.દશરથનો પરિતાપ અને કૈકૈયીને વારંવાર આજીજી કરવી,રાજા દશરથનો વિલાપ, કૈકૈયીનો દુરાગ્રહ અને મુહૂર્તનો સમય, કૈકૈયી દ્વારા રામચન્દ્રને સત્વરે તેડી લાવવા માટે સુમંત્ર નામના મંત્રીને મોકલવો. સુમંત્રનું રામચન્દ્ર સમીપ જવું,રામ અને સુમંત્ર વચ્ચે વાર્તાલાપ,રામ અને કૈકૈયી વચ્ચે વાર્તાલાપ, કૈકૈયી દ્વારા પોતે માંગેલ બે વચનોની વાત રામચન્દ્રને કહેવી, રામચન્દ્રની વનવાસ જવાની પ્રતિજ્ઞા કરવી,કૌશલ્યાને રામના વનવાસના સમાચાર સાંભળી પરિતાપ કરવો, કૌશલ્યા અને રામ લક્ષ્મણનો સંવાદ, લક્ષ્મણનો ક્રોધ રામ દ્વારા તેને સાંત્વન આપવું,રામને વનવાસમાં થતા કષ્ટો વિષે વિચારી કૌશલ્યાનું દુઃખી થવું,કૌશલ્યા દ્વારા રામને વનમાં જતા અટકાવવાના પ્રયત્નો,દ્રઢ પ્રતીજ્ઞ રામની દ્રઢ પ્રતિજ્ઞા, કૌશલ્યા દ્વારા રામની મંગળરક્ષાની પ્રાર્થના,રામચન્દ્ર અને સીતા વચ્ચનો વાર્તાલાપ, સીતાનીવનમાં જવાની ઈચ્છા વ્યક્ત કરવી,સીતાનો વનમાં જવનો દ્રઢ નિશ્ચય,લક્ષ્મણનો વનમાં જવાનો નિશ્ચયત્રિજટા ઋષિના પરાક્રમનું વર્ણન,પ્રજાજનોનું રાજાના વનમાં જવાના સમાચાર સાંભળી દુઃખી થવું,રામ અને દશરથ વચ્ચે સંવાદ,સુમંત્ર દ્વારા કૈકૈયી પ્રતિ ક્રોધ વ્યક્ત કરવો કૈકૈયી દ્વારા રામ લક્ષ્મણ અને સીતાને વલ્કલ વસ્ત્રો પરિધાન કરાવવા,મહર્ષિ વશિષ્ઠ દ્વારા કૈકૈયીને બોધ આપવો,જનસમાજ દ્વારા સીતાને ચિર વસ્ત્રો ધારણ કરેલા જોઈ કૈકૈયીને ફિટકાર આપવો,દશરથ રાજા કૌશલ્યા તેમજ અંતઃપુરની બધી રાણીઓનો સંતાપ, કૌશલ્યાનો સીતા સાથે વાર્તાલાપ,રામ લક્ષ્મણ અને સીતાનું વનમાં પ્રયાણ કરવું,રામવિયોગથી દુઃખી રાજા દશરથ,કૌશલ્યાનો વિલાપ,સુમિત્રા દ્વારા કૌશલ્યાને આશ્વાસન આપવું,રામચન્દ્રની પાછળ પાછળ વિપ્રો અને પ્રજાજનોનું જવું,વનવાસની પ્રથમ રાત્રિ અને અનુગામીઓનો ત્યાગ અનુગામીઓનો ખેદ અને પાછા વળવું,અયોધ્યાવાસીઓનો વિલાપ ગુહ અને લક્ષ્મણ વચ્ચે વાર્તાલાપ, રામચન્દ્રનું ગંગા પાર જવું,રામનો ગુહસંબંધી સ્નેહ અને માતૃપ્રેમ,રામચન્દ્રનો ભારદ્વાજ મુનિ સાથે સમાગમ થવો,ચિત્રકૂટનું વર્ણન કૌશલ્યાનો શોક,કૌશલ્યા દ્વારા દશરથરાજાને ઠપકો આપવો,દશરથનું કૌશલ્યાને સાંત્વન આપવું,રાજા દશરથ દ્વારા શ્રવણાખ્યાન કહેવું અને દશરથરાજાનું મરણ થવું,કૌશલ્યા અને અન્ય રાણીઓનો વિલાપ અને

મહારાજાના મૃતદેહનું સંરક્ષણ કરવું.દૂતો દ્વારા ભરતને તેડવા જવું,ભરત નું અયોધ્યા આગમન ભરત અને કૈકૈયી નું વૃત્તાંત અને નિવેદન,ભરતશોક અને કૈકૈયીને મર્મપ્રહાર,ભરતશોક કૌશલ્યા સાથે મેળાપ મહારાજા દશરથના અંતિમ સંસ્કાર અને ઉત્તરક્રિયા,શત્રુઘ્નનો કોપ અને મંથરાને શિક્ષા,ભરતનો ભ્રાતૃપ્રેમ અને રાજ્યનો અસ્વીકાર,રામચંદ્રને વનમાંથી પાછા લાવવા માટે ભરતનું વનપ્રયાણ ભરતનો ગૃહ સાથે વાર્તાલાપ,રામચંદ્રની તૃણશૈયા જોઈ ભરતનો ખેદ,ભરત અને ભારદ્વાજ મુનિનો સમાગમ,ભરતનું ચિત્રકૂટ સમીપે પહોંચવું,રામ-સીતાનું મંદાકિનીનું વર્ણન,ભરતને વનમાં આવતા જોઈ લક્ષ્મણનોક્રોધ,રામચંદ્ર દ્વારા લક્ષ્મણને સાંત્વન આપવું,રામ અને ભરતની ભેટ,ભરત દ્વારા દશરથ મરણના સમાચાર આપવા,રામ દ્વારા પિતા શોક અને પિંડદાન કરવું,રામચંદ્ર સાથે માતા અને અન્ય સ્વજનોનો મેળાપ થવો,રામ ભરત વચ્ચે સંવાદ, ભરત દ્વારા રામને રાજ્ય સ્વીકારવા પ્રાર્થના કરવી,વસિષ્ઠ ઋષિ અને રામ ભરત સંવાદ અને રામને નિશ્ચય,ભરત દ્વારા રામની પાદુકાને ગ્રહણ કરવી અને ભરતની પ્રતિજ્ઞા,રામ વિનાની શૂન્ય અયોધ્યા,પાદુકારાજ્ય અને ભરતનો નંદિગ્રામવાસ રામચન્દ્ર નો ચિત્રકૂટ ત્યાગ અને અત્રિઋષિ સાથે સમાગમ,સીતા અનસુયા વચ્ચે વાર્તાલાપ અને સતી અનસુયા દ્વારા પતિવ્રતાનું મહત્વ જણાવવું. રામ-લક્ષ્મણ અને સીતાનું અત્રિઋષિના આશ્રમ થી વિદાય થવું અને ઋષિઓ દ્વારા તેમને પ્રાર્થના કરવી વગેરે વર્ણન અયોધ્યાકાંડમાં છે.

### ૩.અયોધ્યાકાંડ મૂલ્યાંકન

૩.૧ સર્ગ અયોધ્યાકાંડમાં ૧૧૯ સર્ગ આવેલા છે.

૩.૨ પાત્રો અયોધ્યાકાંડ રામ, દશરથ, વશિષ્ઠમુનિ, કૈકેયી, મંથરા, કૌશલ્યા, સીતા, લક્ષ્મણ, ત્રિજટા ઋષિ, સુમિત્રા. ગુહ, ભરત, શત્રુઘ્ન, ભારદ્વાજ મુનિ, અત્રિ ઋષિ, અનસૂયા વગેરે પત્રોનો સમાવેશ થાય છે.

૩.૩ વર્ણન રામના ગુણનું વર્ણન, રામના રાજ્યાભિષેકની તૈયારી, કૈકેયી દ્વારા દશરથ રાજા પાસે બે વચન માગવા, રામને રાજ્યાભિષેક અને ભરતને વનવાસ રામ-લક્ષ્મણ સીતાનું વન તરફ પ્રયાણ,દશરથ રાજાનું અવસાન ભરતનું અયોધ્યામાં આગમન, રામચન્દ્ર પાસે ભરતનું વનમાં જવું અને રામ પાસેથી પાદુકા ગ્રહણ કરવી, રામ-લક્ષ્મણ, સીતાનું અત્રિ ઋષિના આશ્રમે જવું,અનસૂયા દ્વારા સીતાને પતિવ્રતાનું મહત્વ સમજાવવું વગેરે વર્ણનનો આ કાંડમાં આવે છે.

૩.૪ નાયક પિતાના વચનનું પાલન કરનાર,પ્રજાપ્રિય દૃઢ નિશ્ચયી શ્રીરામ નાયક છે.

૩.૫ રસ અયોધ્યાકાંડમાં કરુણ રસ જોવા મળે છે.

૩.૬ છંદ અયોધ્યાકાંડના શ્લોકો અનુષ્ટુછંદ માં રચાયેલા છે

૩.૭ કથાવસ્તુ અયોધ્યાકાંડનું કથાનક પૌરાણિક અને ધાર્મિક છે.દશરથ રાજાનો રામના રાજ્યાભિષેક કરવાની તૈયારીથી માંડીને રામ લક્ષ્મણ સીતાના વનગમનથી માંડીને અત્રિઋષિના આશ્રમે રોકાણ કરવા સુધીને બધીજ ઘટનાનો સમાવેશ થાય છે.

### ૪. ઉપસંહાર

અહીં મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણના બાલકાંડનું મહાકાવ્યના લક્ષણોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.જેમાં બાલકાંડમાં સમાવિષ્ટ સર્ગ.પાત્રો,વર્ણન,નાયક,છંદ,રસ,કથાવસ્તુ, વગેરેનો સમાવેશ થાય છે.

### સંદર્ભ સૂચિ

૧. દેસાઈ, હરિભાઈ.જી (૧૯૭૦). સંશોધન અહેવાલ.રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૨. આચાર્ય, મોહિની ડી.(૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.અમદાવાદ: અક્ષર પબ્લિકેશન્સ.

૩. શાહ, દિપીકા બી.(૨૦૦૪). શૈક્ષણિક સંશોધન.અમદાવાદ.યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૪. વાલ્મીકિય રામાયણ ગીતાપ્રેસ ગોરખપુર.

૫. અમીન, આનંદભાઈ એન. શ્રી વાલ્મીકિ રામાયણ.સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ,ભદ્ર અમદાવાદ. શબ્દકોષ.

૬. Good, C.V, Dictionary of Education. New York:Megraw Hill books Co.ltd.

૭. દેસાઈ, કે. જી. (૨૦૦૧)."મનોવિજ્ઞાન પરિભાષા અને વિભાવના "યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય અમદાવાદ.